# યુપીએ સરકારની ગુજરાતને રજુઆત સિવાય ત્રણસો કરોડની સહાય

ગાંધીનગર, તા. ૧

ગુજરાત સરકારે અછત રાહત માટે કેન્દ્ર સમક્ષ સત્તાવાર માંગણી નહિ કરી હોવા છતાં પણ કેન્દ્રએ એડવાન્સમાં રૂ. ત્રણસો કરોડની સહાય જાહેર કરી છે અને વધુ સહાય માટે પણ આજે રજુઆત કરાશે તેમ પ્રદેશ કોંગ્રેસની યાદીમાં જણાવાયું છે.

ગુજરાતની મુલાકાતે આવી રહેલા કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી શરદ પવારને વિપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલ, પ્રદેશ પ્રમુખ શ્રી મોઢવાડિયા, કેમ્પેઈન કમિટીના ચેરમેન અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા, પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી સિદ્ધાર્થ પટેલ, એન.સી.સી.ના પ્રદેશ પ્રમુખ શ્રી જયંત પટેલ, શ્રી નરહરિ અમીન સહિતના અગ્રણીઓનું પ્રતિનિધિમંડળ મળશે.

અખબારી યાદીમાં ગુજરાતને અન્યાય કરાયાનો ઉલ્લેખને લઈ નારાજગી વ્યક્ત કરતાં જણાવાયું છે કે દુષ્કાળની સ્થિતિ હતી ત્યારે જાપાન જવાની ક્યાં જરૂર હતી. પ્રજાને છેતરવાનું અને હલકી રાજનીતિથી સત્તાધિકારી પક્ષ દૂર રહે તેમ પણ જણાવાયુ છે.

ગુજરાતના ખેડૂતોના નિષ્ફળ ગયેલા બિયારણ અને અન્ય રાહત આપવા માટે સરકારે જાગૃત બનીને કામ કરવાની જરૂર છે. સેન્ટ્રલ રિલીફ ફંડમાં અને એન.સી.સી.એફ.માં પૂરતા પૈસા કેન્દ્ર સરકારે ઉપલબ્ધ કરાવેલાં છે. સી.આર.એફ. (કેલીમીટી રીલીફ ફંડ)માં કેન્દ્ર સરકાર તરફથી પ્રાપ્ત થયેલાં પૈસા છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતની ભાજપની સરકારે સહેજ પણ વાપર્યા નથી. ગયા બે વર્ષ દરમ્યાન જ્યાં જ્યાં ખેડૂતોને નુકશાન થયું હતું ત્યાં સી.આર.એફ.ના નાણાં તાત્કાલિક ફાળવી દેવાની જરૂર હતી. એક હજાર કરોડ કરતાં પણ વધારે રૂપિયા ઉપલબ્ધ છે. પરંતુ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આ નાણાંમાંથી રાહત આપવા અંગેની ચિંતા કરતાં નથી.

# ગાંધીનગર મેડીકલ કોલેજના શૈક્ષણિક સત્રનો પ્રારંભ

## વિદ્યાર્થી-વાલીઓ સાથે કોલેજ સ્ટાફની પરિચય બેઠક : ઈન્ટરનલ પરીક્ષામાં ૩૫ ટકા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને જ યુનિવર્સિટી પરીક્ષામાં પ્રવેશ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં છેલ્લા બે વર્ષથી મેડીકલ કોલેજ માટે તજવીજ હાથ ધરાઈ હતી. આ દરમિયાન બે માસ અગાઉ એમ.સી.આઈ. દ્વારા મેડીકલ કોલેજ માટે લીલીઝંડી આપી દેવાતા ગુજરાત યુનિવર્સિટી સાથે કોલેજનું જોડાણ પણ કરી દેવાયું હતું. જેના અંતે પ્રવેશ કાર્યવાહી હાથ ધરાઈ હતી. ૧૫૦ સીટની આ મેડીકલ કોલેજમાં જનરલ કવોટાની ૧૨૭ સીટ પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દેવાયો હતો જયારે એન.આર.આઈ. કવોટાના ૨૩માંથી બે વિદ્યાર્થીઓએ કોલેજમાં એડમીશન મેળવ્યું હતું. ત્યારબાદ કોર્ટ મેટર થતા એન.આર.આઈ. કવોટાનું એડમીશન મોકુફ કરાયું હતું. જેના પગલે ૧૫૦ સીટની મેડીકલ કોલેજનો આજે ૧૨૯ સીટ સાથે પ્રારંભ કરાયો હતો. પ્રથમ શૈક્ષણિક ક્ષેત્રના પ્રારંભે ૧૨૯ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સાથે પરિચય બેઠક યોજાઈ હતી.

કોલેજના ડીન તેમજ સ્ટાફ દ્વારા આ બેઠક યોજાઈ હતી. જેમાં કોલેજના ડીને વિદ્યાર્થીઓની ૭૫ ટકા હાજરી પર ભાર મુકયો હતો. જેમાં ૭૫ ટકા હાજરી ન હોય તેવા વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવાશે નહીં તેમ જણાવ્યું હતું. ઉપરાંત રેગીંગના દૂષણને ડામવા માટે કાયદાકીય પગલા લેવાશે તેમ પણ જણાવ્યું હતું. આ તબક્કે ઈન્ટરનલ પરીક્ષામાં ૩૫ ટકા ગુણ મેળવનાર વિદ્યાર્થીને જ યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રવેશ અપાશે તેમ પણ જણાવાયું હતું.

## શહેરીજન સંસ્થા સે. ૭/ડીની ૪થીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ સેક્ટર-૭-ડીની કાર્યવાહક સમિતિની બેઠક ૪થી ઓગષ્ટ-૨૦૧૨ને શનિવારે સાંજે ૬ કલાકે પ્રમુખ જે.જી. ભટ્ટના અધ્યક્ષસ્થાને તેમના નિવાસે યોજાશે.

સમગ્ર બેઠકમાં આગામી ૧૨મી ઓગષ્ટના રોજ યોજાનાર વાર્ષિક સભાનું માઈક્રો પ્લાનિંગ કરવામાં આવશે. નવી ડીરેક્ટરી-૨૦૧૨માં બાકી રહી ગયેલી માહિતીની સમીક્ષા કરવામાં આવશે. આગામી વર્ષના આયોજનની રૂપરેખા કરવાનું પણ વિચારવામાં આવશે. તેથી સેક્ટર-૭-ડી, શહેરીજન સંસ્થા અને સેક્ટર-૭-ડી નિવૃત્ત અધિકારી મંડળના કારોબારી સભ્યો તેમજ રસ ધરાવતા સભ્યોને સંયુક્ત બેઠકમાં હાજર રહેવા પ્રમુખ જે.જી. ભટ્ટ અને મહામંત્રી કે.ઓ. વ્યાસે જણાવ્યું છે.

# ભાડુઆતોને અનુલક્ષી મકાન માલિકો માટે જાહેરનામુ

## મકાન કે ઔદ્યોગિક એકમો ભાડે આપતા પૂર્વે વિવિધ ૬ બાબતોની માહિતી પોલીસને આપવી પડશે

ગાંધીનગર, તા.૧

જિલ્લામાં દેશ કે રાજ્ય બહારથી આવતા પરપ્રાંતિયો રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ ન કરે તે માટે મકાન ભાડે આપવા મકાન માલિકો માટે જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

બહારના રાજયો અગર દેશ બહારથી આવતા તત્વો સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોવાનું ધ્યાને આવ્યું છે. મોટા શહેરોમાં બનતા આવા બનાવો સંદર્ભે ગાંધીનગર જિલ્લામાં સતર્તા દાખવવા મકાન ભાડેથી આપવા માટે તંત્ર દ્વારા મકાન માલિકો પર નિયંત્રણો મૂકવામાં આવ્યા છે. જેને અનુલક્ષી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરી મકાન માલિકો માટે ખાસ સૂચના જારી કરવામાં આવી છે. જાહેરનામા મુજબ મકાન સહિત ઔદ્યોગિક વિસ્તારના એકમો ભાડે આપતા પૂર્વે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કરવાની રહેશે. જયારે મકાન માલિકના નામ સહિત ભાડે આપેલા મકાનની સઘળી વિગતો ભાડાની વિગત સમયગાળો ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ ઉપરાંત મકાન માલિક તેમજ ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામું વગેરે વિગત પોલિસ સ્ટેશને સુપ્રત કરવા જણાવાયું છે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાત્મક પગલા લેવાશે.

# રોહિત સમાજનું ૨૫મીએ એકતા સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત રોહિત સમાજ સંગઠન દ્વારા રોહિત સમાજ એકતા સંમેલન તા. ૨૫મી ઓગષ્ટ-૨૦૧૨ના રોજ ગાંધીનગરના ટાઉનહોલ ખાતે યોજાશે.

રોહિત સમાજના એકતા સંમેલન અંતર્ગત કાર્યક્રમની ચર્ચા વિચારણા તેમજ વ્યવસ્થા બાબતે એક બેઠકનું આયોજન તા. ૫મી ઓગષ્ટ-૨૦૧૨ને બપોરે ૧૨ કલાકે સેક્ટર-૬ના બગીચામાં સંત રોહિદાસ મંદિરની બાજુમાં કરવામાં આવ્યું છે. બેઠકમાં રોહિત સમાજના આગેવાનોને ઉપસ્થિત રહેવા ગુજરાત રોહિત સમાજ સંગઠન, ગાંધીનગર જિલ્લા શહેરના પ્રભારી એલ.એન. પરમારે જણાવ્યું છે.

## શબ્દાવલી - ૪૮૦૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | ૮ | | ■ | |
| | ■ | ૯ | | | | ■ | |
| ૧૦ | ૧૧ | | ■ | | ■ | ૧૨ | |
| ■ | ૧૩ | | | ■ | ૧૪ | | ■ |
| ૧૫ | | ■ | ■ | ■ | ૧૬ | | |
| | ■ | ૧૭ | ૧૮ | ૧૯ | ■ | | ■ |
| ૨૦ | | | | | ■ | ૨૧ | |

**આડી ચાવી**

૧. ... થવી, મળવું તે (૪)
૪. બોલવામાં કડવાશ, ... હોવી (૩)
૬. મૃત્યુ, મોત (૨)
૭. બારનો સમુહ એટલે એક (૩)
૯. લાફો, લપાટ (૪)
૧૦. આજકાલ બસ-ટ્રેન પણ એક્સપ્રેસ અને... થઈ ગયા છે (૩)
૧૨. રેલ્વે, ગાડી (૨)
૧૩. સાદડી, ચટાઇ (૩)
૧૪. ચોળાની કે સોયાવાની, ડપકા (૨)
૧૫. વાળ, કેશ (૨)
૧૬. સંમિલિત, ... કરવું (૩)
૧૭. બાગડોર, જે મરડવાથી વહાણ દિશા બદલે તે (૩)
૨૦. મારવું, ચોડવું (૫)
૨૧. ભય, બીક (૨)

**ઊભી ચાવી**

૧. હોડ, હરિફાઈ (૪)
૨. મોંમાથી ટપકી પડતું પાણી (૨)
૩. ઝુરાપો, જુરવું (૩)
૪. સોનુ, હેમ (૩)
૫. મેલજોલ, ... હોવો (૪)
૮. જડતર કરેલું (૩)
૯. ખુબસુરત સ્ત્રી (૩)
૧૧. મુસ્લિમ ધર્મના મૃતવ્યક્તિની... બનાવે (૩)
૧૨. તૈયાર, બનાવેલું (૫)
૧૪. 'સાવ' શબ્દ ઊંધો (૨)
૧૫. વખાણ (હિન્દીમાં) (૩)
૧૭. લીલા નહિ..., સુકાઈ ગયેલ (૨)
૧૮. ટેક્સી, મોટર (૨)
૧૯. જૂનું નહિ... (૨)

### શબ્દાવલી ૪૮૦૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) જમાલગોટા (૩) કુશ (૫) કાજી (૬) પ્રસંગ (૭) પરાગ (૧૦) નાદાનીયત (૧૩) કુલર (૧૪) લંકેશ (૧૬) અંગીકાર (૧૭) માટીપગુ (૧૯) મજા (૨૧) ગરકાવ

**ઊભી ચાવી :-** (૧) જકાતનાકુ (૨) માજી (૩) કુસંગ (૪) શગ (૭) પનીર (૮) રાય (૯) ગત (૧૧) દાલબાટી (૧૨) ફાંશ (૧૪) લંકા (૧૫) કેરમ (૧૬) અંગુર (૧૭) માખ (૧૮) પગ (૨૦) જાળ

## સમાચાર ઝલક

- પાલિતાણાના જૈન મંદિરમાં ડ્રેસ કોડ, જીન્સ, ચડ્ડી, સ્કર્ટ, પહેરીને નહીં જઇ શકાય : ટ્રસ્ટનો નિર્ણય.
- રેલ્વે હોસ્પિટલમાં નિવૃત્ત ડોક્ટરની સેવા લેવાશે.
- આ રક્ષાબંધનનો આખો દિવસ શુભ છે, રાખડી બાંધવા મુહુર્તની જરૂર નથી.
- મીલો ચાલુ જ નહીં થાય તો તેલના ભાવમાં ભડકો થશે તહેવારો બગાડશે.
- ટીમ અણ્ણાએ મીડીયાની માફી માંગી.
- અમેરિકાના વિવાદાસ્પદ જહાજને અલંગમાં તોડવાની મંજુરી.
- અંતે સાબરમતી જેલમાં નાના છોકરાઓની જેમ લડતાં વણઝારા-પાંડીયનને જુદા જુદા રાખવા નિર્ણય.
- અછત સામે બાથ ભીડવા કલેકટરોને વિશાળ સત્તા આપતી સરકાર.
- રાખડીઓથી બજારો છલકાઇ ૧૦ થી ૧૫ ટકા ભાવ વધારો.
- ડાંગમાં મેઘરાજા સોળે કળાએ ખીલી ઊઠ્યા. દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનાં વધામણાં.
- રાષ્ટ્રપતિ ચૂંટણી હાર્યા બાદ સંગમા નવો પક્ષ બનાવશે.
- રીટર્ન ભરવાની મુદ્દત તા. ૩૧મી ઓગષ્ટ સુધી લંબાવી.
- નર્મદા બંધ/ઉકાઇ બંધમાં પાણીનો વધુ જથ્થો આવ્યો. નવી આશા બંધની સપાટી વધી.
- જામનગરની રામધૂન યજ્ઞને ૪૯ વર્ષમાં પ્રવેશ થયો.
- દીપડા દરવાજા કેસમાં ચુકાદાથી વિસનગર સ્વયંભૂ બંધ રહ્યું.
- મંદીમાં ભૂકંપનો આંચકો, હાઇ રાઇઝ બિલ્ડિંગના પ્રોજેક્ટ ઘોંચમાં મુકાશે.


# ગાંધીનગર સમાચાર

ગાંધીનગરના સૅક્ટરે સૅક્ટરના સ્થાનિક સમાચાર
ગુજરાત રાજ્યના દરેક જિલ્લાના સમાચાર
તથા દેશના દરેક જિલ્લાના સમાચારો પણ ખરા
આ ઉપરાંત,

**મનગમતી વાચન સામગ્રીનો વિવિધતાસભર રસથાળ**

**દરરોજ...**

| | |
|---|---|
| શ્રી સુરેશ પ્રા. ભટ્ટની ધારદાર કલમે | સુપ્રભાતમ |
| તાપમાન, મનોરંજન, રાશિ ભવિષ્ય અને અવસાન નોંધ સાથે | આજે ગાંધીનગરમાં |
| રાષ્ટ્રભરના સમાચારોની ઝલક | સમાચાર ઝલક |
| ગાંધીનગરભરના સમાચારોની ઝલક | ખૂણેખાંચરેથી |

**ઉપરાંત તરોતાજા સાપ્તાહિક કૉલમ તો ખરી જ**

| વાર | કોલમ | લેખક |
|---|---|---|
| સોમવાર | શબ્દ સમીપે | નટવર હેડાઉ |
| | હું રસ્તે રઝળતી વારતા | અયના પટેલ |
| | આવો, અંગ્રેજી શીખીએ | ચેતના બુચ |
| મંગળવાર | શબ્દ સુધા | નટવર હેડાઉ/મૂળજીભાઈ દધિ |
| | વિચાર યાત્રા | જય ઓઝા |
| | યુગનાયક સ્વામિ વિવેકાનંદ | રજનીકાન્ત ભટ્ટ |
| બુધવાર | નવાં કલેવર | નટવર હેડાઉ |
| | પારિજાત | રેખાબેન ભટ્ટ |
| | હેલ્લો ફ્રેન્ડ | સંજય થોરાત |
| | યુથ કૅમ્પસ | ધ્વનિલ પારેખ |
| | સંગીત દર્શન | ડૉ. ગૌરાંગ ભાવસાર |
| ગુરુવાર | નિરામય | ડૉ. કેદાર ઉપાધ્યાય |
| | સખીને પત્ર | સ્વાતિબા રાઓલ |
| | હાર્મની ઝોન | ડૉ. બ્રિજ |
| શુક્રવાર | ધ કૉફી હાઉસ | ઉત્સવ પરમાર |
| | પતંગિયાં | રેખાબેન ભટ્ટ |
| | ખજાનો | અનિલ પટેલ |
| | સંસ્કાર ચિંતન | અનંતરાય ન વ્યાસ |
| શનિવાર | લાગણીનો મેળો | રસિકલાલ વાળંદ |
| | મોંઘેરાં મોતી | નટવરલાલ આહલપરા |
| | આગવો માણસ-આપણો માણસ | કિશોર જીકાદરા |
| રવિવાર | મારી નજરે | વિષ્ણુ પંડ્યા |
| | ગાંધીનગરનાં પ્રવાસધામ | ભાનુભાઈ દવે |
| | વન્ય સૃષ્ટિ પરિચય | હેમંત સુથાર |

**સંબંધોની ગરિમા અને માહાત્મ્યને ઉજાગર કરતી નિત્ય કોલમ**

**સંબંધ સજાવે જિંદગી**

**તબસ્સુમ પઠાણ, પોપટલાલ પ્રજાપતિ, કુંતલ નિમાવત, સંજય થોરાત, જય ઓઝા અને સ્વાતિબા રાઓલની યુવા કલમે.**

આ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમોના રિવ્યૂ

| | |
|---|---|
| **પ્રકાશ લાલાની કલમે** | **રિઅલ વ્યૂ** |
| નગરના ગરવા કલાકારોનો પરિચય | |
| **આશા સરવૈયાની કલમે** | **કૈફિયત કલા સાધકની** |
| હિન્દી ફિલ્મોના રિવ્યૂ | |
| **હિરેન ભટ્ટની કલમે** | **રિઅલ વ્યૂ** |
| સ્ટેજ કાર્યક્રમોના રિવ્યૂ | |
| **ધ્વનિલ પારેખ/કુંતલ નિમાવતની કલમે** | **ઉઘડતે પડદે** |
| માનવજીવનને સ્પર્શતા વિષયોની વાત | |
| **પી એમ પરમારની કલમે** | **જીવન ચિંતન** |
| તથા જીવન ગહન ચિંતન | |
| **લક્ષ્મી વાધવાણીની કલમે** | **જીવન ચિંતન** |


# નહેરુ યુવા કેન્દ્ર, અમદાવાદ-ગાંધીનગર આયોજીત યુવા સંમેલન ૪થીએ યોજાશે

ગાંધીનગર, તા.૧

ભારત સરકારનાં યુવા અને રમત ગમત મંત્રાલય હેઠળ નહેરુ યુવા કેન્દ્ર અમદાવાદ-ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તથા નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ગુજરાત રાજય, ગાંધીનગરના સહકારથી આગામી તા. ૪ ઓગષ્ટ ૨૦૧૨ને શનિવારે, સવારે ૯.૦૦ કલાકે શેઠ મંગળદાસ ટાઉનહોલ, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. સંમેલનમાં રાષ્ટ્ર નિર્માણમાં નહેરુ યુવા કેન્દ્ર સંગઠનની ભૂમિકા પર વિશેષ તજજ્ઞો દ્વારા વકતવ્ય આપવામાં આવશે. તદ ઉપરાંત નહેરુ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩માં યોજાનાર રેગ્યુલર તથા વિશેષ કાર્યક્રમોની રૂપરેખા આપવામાં આવશે.

યુવા સંમેલન કાર્યક્રમનું ઉદઘાટન કેન્દ્રીય મંત્રી તુષાર ચૌધરીના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજયનાં વિરોધ પક્ષના નેતા શકિતસિંહજી ગોહિલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે તેમજ અમદાવાદના સાંસદ કિરિટ સોલંકી મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત રહેશે તેમજ રાજયસભાનાં સાંસદ પ્રવિણ રાષ્ટ્રપાલ, સિરસા (હરિયાણા)નાં સાંસદ અશોક તંવર તેમજ નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, દિલ્હીનાં નવનિયુકત મહાનિર્દેશક સલીમ એહમદજીની અધ્યક્ષતા ખાસ ઉપસ્થિત રહી યુવાનોને માર્ગદર્શિત કરશે. આ કાર્યક્રમની સફળતા માટે નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, દિલ્હીથી વિશેષ અધિકારી પ્રકાશ વૈદ્ય પધાર્યા છે. કાર્યક્રમમાં ગુજરાત રાજયમાંથી યુવાનો ભાગ લેશે.

તા. ૫ ઓગષ્ટ ૨૦૧૨ના રોજ એનેક્ષી, અમદાવાદ ખાતે નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ગુજરાત ઝોનના અધિકારી તથા કર્મચારીઓની રિવ્યુ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ રિવ્યુ બેઠક વર્ષ ૨૦૧૧-૧૨માં થઈ ગયેલા કાર્યક્રમો તથા વર્ષ ૨૦૧૨-૧૩માં થનાર કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવશે એવું નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ગાંધીનગરનાં ઝોનલ ડાયરેકટર શ્યામસિંહ રાજપુરોહિત દ્વારા જણાવવામાં આવેલ છે.

## જે.એમ. ચૌધરી પ્રાથમિક શાળામાં રક્ષાબંધન ઉજવાઈ

ગાંધીનગર, તા. ૧

અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક શાળામાં રક્ષાબંધનના પૂર્વ દિને પવિત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાથમિક વિભાગના ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા ઉજવાયેલા આ પર્વમાં બહેનોએ વિદ્યાર્થી ભાઈઓએ બહેનોને નાની મોટી ગીફ્ટ આપી ગળ્યુ મોં કરાવી આનંદપૂર્વક પર્વની ઉજવણી કરી હતી.